Peel District School Board

## ધાર્મિક આવાસ: મુખ્ય હકીકતો

પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડમાં હમણાં હમણા ધાર્મિક આવાસ વિશે ઘણી ચર્ચા ચાલે છે. ચર્ચા અને વાતચીત આવકાર્ય છે. પરંતુ આ મુદ્દા સાથે ત્યાં ઘણી વખત ઇરાદાપૂર્વક ખોટી માહિતી સાથે
સ્પષ્ટ કાનૂની જરૂરિયાતનો સામનો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.
. તે સ્વીકાર્ય નથી. અમે અમારી કાનૂની જવાબદારી ગંભીરતાથી લઈએ છીએ, જેમકે વાસ્તવિક સમાવેશ માટે અમે બોર્ડ પ્રતિબદ્ધતા રાખીએ છીએ. અમે બધા વિદ્યાર્થીઓને સલામતી અને આવકારનો અનુભવ કરાવવા માંગીએ છીએ- તે તેમના વ્યક્તિગત શ્રેષ્ઠતા માટેનો પાયો છે. સ્પષ્ટતા કરવામાં મદદ માટે, અહિં કેટલીક મહત્વપૂર્ણ હકીકતો છે કે જેનું ઘણી વખત ખોટું અર્થઘટન કરવામાં આવે છે.

**હકીકત:** ઓન્ટારિઓમાં તમામ શાળા બોર્ડ માટે ધાર્મિક આવાસ પુરૂ પાડવું જરૂરી છે. તે યોગ્ય બાબત પણ છે અને પીલ બોર્ડ મુલ્યો સાથે સુસંગત છે.

ખંડ 11 માં આપેલ સંદર્ભ પ્રમાણે, ઓન્ટારીઓ માનવ અધિકાર સંહિતા હેઠળ ધાર્મિક આવાસ જરૂરી છે. ખાસ કરીને, ઓન્ટારિઓ માનવ અધિકાર આયોગ (OHRC) જણાવે છે કે, “લોકોની માન્યતાઓ અને વ્યવહારને સમાવવું એ એમ્પ્લોયર, સેવા પ્રદાતા, યુનિયન અને આવાસ પ્રદાતાની કાનુની ફરજ છે.”

**હકીકત:** તમામ સ્કૂલ બોર્ડ માટે ધાર્મિક આવાસ પ્રક્રિયા જરૂરી છે.

ઓન્ટારીઓના તમામ સ્કુલ બોર્ડ- જાહેર અને કેથોલિક- માટે કાયદેસર રીતે ધાર્મિક આવાસ(OHRC મુજબ) આપવું અને ધાર્મિક આવાસ પ્રક્રિયા(શિક્ષણ મંત્રાલયના 2009 પ્રોવિન્શ્યલ ઈક્વિટી એન્ડ ઈનક્લુઝિવ એજ્યુકેશન સ્ટ્રેટેજી મુજબ) હોવી જરૂરી છે. 16 વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓ માટે, પેરેન્ટ/વાલીએ આવાસની વિનંતી કરવી જોઈએ.

**હકીકત:** પીલ સ્કુલોમાં ધાર્મિક આવાસ 15 વર્ષથી થતું આવ્યું છે.

સ્કુલોમાં ધર્મને હાલમાં અને ક્યારેય પણ પ્રતિબંધિત કરવામાં નથી આવ્યું-ધાર્મિક આવાસ ઘણાં વર્ષોથી સ્કુલ બોર્ડની જરૂરીયાત રહિ છે. એજ્યુકેશન મંત્રાલયની જરૂરીયાત અનુસાર પીલ બોર્ડ 2012 થી ઔપચારિક ધાર્મિક આવાસની પ્રક્રિયા કરી રહ્યું છે. તે પહેલાં એક દાયકા સુધી, બોર્ડ એક સ્થાપિત પ્રક્રિયા મારફતે કાયદેસર રીતે જરૂરી ધાર્મિક આવાસ પુરૂ પાડતુ હતું. સ્કુલ વર્ષ 2016-17 દરમિયાન, પ્રક્રિયા અપડેટ કરવામાં આવી હતી.

**હકીકત:** ટ્રસ્ટીઓએ સાંભળ્યું  સુનાવણી કરી છે અને ધાર્મિક આવાસ અંગે લોકોને સાંભળવાનું ચાલું છે.

ટ્રસ્ટીઓએ ઘણાં પ્રતિનિધિ મંડળનો સ્વીકાર કર્યો છે અને જેઓ શુક્રવારની પ્રાર્થનાના આવાસના સમર્થન અને વિરોધમાં છે તેમના દ્વારા કહેવામાં આવેલું પણ સાંભળ્યું છે. તેમની ભૂમિકા, સમગ્ર સમુદાય જેમને તેઓ સેવા આપે છે, તેમના માટે નીતિ નિર્ણયો લેવાની છે. જો કે,ત્યાં ટ્રસ્ટીઓ માટે શુક્રવારની પ્રાર્થના માટે કોઇ 'નિર્ણય' નહિં હતો-ધાર્મિક આવાસ એક કાનૂની જરૂરિયાત છે, અને ધાર્મિક આવાસ કાર્યવન્તની પ્રક્રિયા વહીવટી છે, બોર્ડ નીતિ નથી.

પ્રતિનિધિ મંડળ ફક્ત એક રીત છે સાંભળવાની. તમે પણ તમારો અભિપ્રાય તમારા સ્થાનિક ટ્રસ્ટીને વ્યક્ત કરી શકો છો. www.peelschools.org/trustees પરથી તમારા સ્થાનિક ટ્રસ્ટી કોણ છે તે જાણો.

**હકીકત:** બોર્ડ એક કરતાં બીજા ધર્મને વધારે તરફેણ નથી કરતું.

અમે એવી ચિંતા અંગે સાંભળ્યું છે કે, શુક્રવારની પ્રાર્થના માટે આવાસ પુરૂ પાડવાથી, બોર્ડ મુસ્લિમ સમુદાયની તરફેણ કરે છે.  આ માત્ર અયોગ્ય છે તેવું નથી, તે બોર્ડ અને આપણા મુસ્લિમ સમુદાય માટે અપમાનજનક છે.

ધાર્મિક આવાસ બધા ધર્મ માટે છે.  શ્રધ્ધા અંગત છે, અને ધર્મને માન આપવાનું, દરેક ધર્મ અને માણસ અનુસાર અલગ છે.  બોર્ડ દ્વારા જરૂરી છે કે તે વ્યક્તિગત ધર્મ, પ્રથા અનુસાર સમાવે, નહિં કે અન્ય ધર્મની સરખામણી પ્રમાણે.

**હકીકત:** બિનસાંપ્રદાયિક સ્કુલમાં ધર્મનું સ્થાન હોય છે,જો આવાસ માટેની વિનંતી કરવામાં આવે.

ધર્મને પ્રોત્સાહન આપવું એ જાહેર સ્કુલની ભૂમિકા નથી, પરંતુ ધાર્મિક આવાસ છે. OHRC અનુસાર, "એક વ્યક્તિ અથવા સંસ્થા વિચારે કે એક માન્યતા અથવા પ્રથા ગેરવાજબી અથવા વાંધાજનક છે અથવા કારણ કે એક સંસ્થા બિનસાંપ્રદાયિક જાહેર ક્ષેત્રમાં કામ કરે છે તો પણ આવાસ આપવા માટેની ફરજને નકારી નથી શકાતી. કેનેડાની સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે એક બિનસાંપ્રદાયિક રાજ્ય ધાર્મિક મતભેદોને ઉજાગર કરવાના બદલે તેને આદર કરી અને સમાવી લે છે".

**હકીકત:** શુક્રવારની પ્રાર્થના વિદ્યાર્થીના શિક્ષણ પર નકારાત્મક અસર નથી કરતું.

શુક્રવારની પ્રાર્થના ક્લાસના અન્ય વિદ્યાર્થી પર કોઇ અસર ધરાવતું નથી.ધ્યાન વ્યક્તિગત શૈક્ષણિક શ્રેષ્ઠતા હાંસલ કરવા પર કેન્દ્રિત રહે છે. તેવા વિદ્યાર્થી જેમણે પ્રાર્થના માટે આવાસની વિનંતી કરે છે, બોર્ડ પાસે તેમના શિક્ષણમાં વિક્ષેપ ઓછો કરવા અને અન્યના શિક્ષણમાં વિક્ષેપ ઓછો કરવા સ્પષ્ટ અને ચોક્કસ માર્ગદર્શિકા છે. અમે તેવો સમય શોધવાનો પ્રયત્ન કરીએ છીએ જ્યારે વિદ્યાર્થી પહેલાથી જ ક્લાસની બહાર હોય- ઉદાહરણ તરીકે બપોરનું જમવાનું- અથવા જો ક્લાસમાં હોય તો, ક્લાસ છુટવાના અથવા ક્લાસ શરૂ થવાની 15 મિનીટ પહેલા. જો માતા-પિતા ને કોઇ ચિંતા છે તો, તેઓએ તેમના આચાર્ય અથવા ઉપ-આચાર્યશ્રીનો સંપર્ક કરવો જોઇએ.

**હકીકત:** શુક્રવારની પ્રાર્થના માટે આવાસ પૂરૂ પાડવા માટે કોઇ ખર્ચ અથવા અનુચિત તકલીફો નથી.

શુક્રવારની પ્રાર્થના માટે આવાસ પૂરૂ પાડવા માટે કોઇ ખર્ચ નથી. વિદ્યાર્થી પહેલાથી જ ખુલ્લી જગ્યાનો 15 થી 20 મિનીટ  ઉપયોગ કરે છે, અને તેઓની સ્ટાફ સભ્ય દ્વારા દેખરેખ રાખવામાં આવે છે જેઓ સ્વેચ્છિક રીતે તેમનો સમય કાઢે છે. આવાસ વધુ સુવાહ્યોનીમાં નથી પરીણમતી અથવા સ્કુલમાં જગ્યાની મુશ્કેલી ઉભી નથી કરતી.

OHRC જણાવે છે કે,  "લોકોની ધાર્મિક માન્યતા અને પ્રથા ને સમાવાની ફરજ તૃતીય પક્ષ પસંદગીઓ, બિઝનેસ અસુવિધા, અથવા સામૂહિક કરાર અથવા કરારની શરતો જેવા પરિબળો સુધી મર્યાદિત અથવા તેના કારણે નકારવામાં ના આવવા જોઇએ." " જો આવાસ અનુચિત અથવા વધું પડતુ હાડમારીનું કારણ બને તો તે પુરૂ પાડવું જરૂરી નથી. જો કે, કેટલીક માત્રા સુધીની હાડમારી સ્વીકાર્ય છે".

કોડ હેઠળ,  શુક્રવારની પ્રાર્થના સમાવવા માટે અનુચિત તકલીફોનો કોઇ કેસ નથી.

**હકીકત:** કુટુંબના ધર્મ અને માન્યતાઓ પર આધારીત આવાસ અલગ હોય છે.

ધર્મની માન્યતા અને જરૂરીયાત પર આધાર રાખીને ધાર્મિક આવાસ અલગ હોય છે.  વિનંતીઓની શાળા દ્વારા કાળજીપૂર્વક સમીક્ષા કરવામાં આવે છે અને એજ્યુકેશન એક્ટ અને ઓન્ટારિયો માનવ અધિકાર સંહિતાનું પાલન કરતી હોવી જોઇએ.  અમારી ક્ષમતા અનુસાર શ્રેષ્ઠ આવાસ પુરૂ પાડવાની બોર્ડની કાનુની જરૂરીયાત છે.

OHRC  અનુસાર,  "સમાવા અંગેની ફરજ, સંજોગોમાં સૌથી યોગ્ય આવાસ પુરૂ પાડવા કરતા વધું છે. તે અર્થપૂર્ણ, સારી-ધાર્મિક પ્રક્રિયામાં જોડાઇ જરૂરીયાતોની અકારણી કરી અને સમસ્યા માટે યોગ્ય ઉકેલ શોધવા વિશે પણ છે. કોઇપણ ઘટક યોગ્ય રીતે હાથ નહિં ધરવાથી ભેદભાવપૂર્ણ હોઇ શકે છે. "

સ્કુલ પર આવાસ પુરૂ પાડવાથી, ક્લાસરૂમથી દૂર રહેવાનો સમય ઘટી જાય છે અને વિદ્યાર્થીઓને કલાસના શિક્ષણ માટે વધું સમય રહે છે, જે સફળતાને આધાર આપે છે.

**હકીકત:** વિદ્યાર્થીની વિનંતી પર ધાર્મિક ક્લબની અનુમતી બોર્ડ માટે પણ કાનુની જરૂરીયાત છે.

બોર્ડ ધર્મ સહિત, વિદ્યાર્થી રસ પર આધાર રાખીને ભેદભાવ નથી કરી શકતી. આપણે બધાં વિદ્યાર્થીની રૂચી સમાન રીતે ધ્યાનમાં લેવી જોઇએ. વિદ્યાર્થી ક્લબ બનાવવા માટે આપણે ધર્મને અન્ય કોઇ રૂચી કરતા અલગ રીતે ધ્યાનમાં ના લેવું જોઇએ. વિદ્યાર્થી રૂચી પર આધારીત સ્કુલમાં આવા ઘણાં ક્લબ હોય છે. આ ક્લબ કોઈપણ અન્ય ઇત્તર ક્લબ અથવા પ્રવૃત્તિના નિયમો અનુસરે છે. ધાર્મિક ક્લબ સભ્યપદ તમામ વિદ્યાર્થીઓ માટે ખુલ્લુ હોવું જોઇએ.

**હકીકત:** સ્ટાફ શુક્રવારની પ્રાર્થનાની દેખરેખ રાખતું હોવા છતાં, બોર્ડ ધર્મની પ્રથા સાથે દખલગીરી નથી કરી શકતું.

કાયદો સ્પષ્ટ છે- બોર્ડ ધર્મની પ્રથા સાથે દખલગીરી નથી કરી શકતું. હંમેશા સ્ટાફ સુપરવાઈઝર હાજર હોય છે અને વિદ્યાર્થી ખુતબાહ (પ્રતિબિંબ) હંમેશા ઇંગલિશ માં હશે.

**હકીકત:** ઓન્ટારીઓ કોર્ટ રિમુવલ ઓફ લોર્ડ્સ પ્રેયર અને ધાર્મિક આવાસમાં નોંધપાત્ર તફાવત છે.

પહેલા લોર્ડ્સ પ્રાર્થના જેઓ તે ધર્મમાં નહોતામાનતા તેમના સહિત બધા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી હતી. બીજી બાજુ શુક્રવારની પ્રાર્થના, બોર્ડ દ્વારા બધા વિદ્યાર્થી માટે ફરજીયાત નથી અને ફક્ત એવા વિદ્યાર્થીઓને જ અસર કરે છે, જેમણે વ્યક્તિગત રીતે તે ચોક્કસ ધાર્મિક આવાસ માટે વિનંતી કરી હતી.

**હકીકત:** ધ ઓન્ટારીઓ હ્યુમન રાઇટ્સ કોડ કોઈપણ અન્ય કોડ અથવા એક્ટ કરતાં વધુ પ્રાધાન્ય ધરાવે છે.

OHRC અનુસાર, "કોડ મહત્તા ધરાવે છે - અથવા અગ્રતા લે છે - ઑન્ટેરિઓમાં તમામ અન્ય પ્રાંતીય કાનૂનો પર. જ્યાં કાયદાને કોડ સાથે તકરાર થાય છે, તો જીતશે".

**હકીકત:** પીલ બોર્ડ ધર્મ સામે ભેદભાવ રાખતા કોઇપણ અભિયાન સહન કરતું નથી.

ઘણી વખત એક જ ધર્મ જૂથ તરફ તિરસ્કાર અને પૂર્વગ્રહ ધરાવતું સ્કુલમાં છુપુ અભિયાન જોવું નિરાશાજનક અને ખુબ દુખદાયક છે. કોઇએ પણ કોઇ વાર આખી સ્કુલમાં દિવાળી ઉજવણી, અથવા અમે

ભોજનમાં શાકાહારી વિકલ્પ આપી રહ્યા છે, અથવા પોસ્ટ પોસ્ટર કે જે ક્રિસમસ સહિત તમામ મુખ્ય ધાર્મિક દિવસો માને છે, તે અંગે ચિંતા વ્યક્ત નથી કરી. આ ઇસ્લામ સામેનું અભિયાન છે- દેશના કાયદા, ઓન્ટારીઓ હ્યુમન રાઇટ્સ કોડ, અને આપણા બોર્ડના મુલ્યોના વિરોધાભાસ.